# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ– 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી ગદ્ય **(EGT-01)**
**તારીખ** : **27/06/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1 કોઈપણ બે પ્રશ્નોના વિસ્તારપૂર્વક ઉત્તર લખો. (28)**

1. 'માજાવેલાનું મૃત્યુ' વાર્તાનું મૂલ્યાંકન કરો.
2. 'એળે નહી તો બેળે' વાર્તાનો આસ્વાદ કરાવો.
3. 'ઊડણ ચરકલડી' નાટયખંડનો પરિચય કરાવો.
4. 'પેટ' નિબંધમાં નિરૂપાયેલું તત્ત્વચિંતન દર્શાવો.

**પ્રશ્નઃ–2 નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો. (28)**

1. મુકુન્દરાયનું પાત્રચિત્રણ કરો.
2. માજાવેલાના મૃત્યુ પ્રસંગને તમારા શબ્દોમાં વર્ણવો.
3. નર્મદના જીવનમાં કેવા કેવા પલટાઓ આવ્યા?
4. ગંગોત્રી પહોંચતા પહેલા લેખકના મગજમાં કેવા વિચારો હતા?
5. કીર્તિદેવ કોના ત્યાં ઉછર્યો હતો? શા માટે?
6. ગોપાળબાપા સુરગને કયો જીવનમંત્ર શીખવો છે?
7. સદ્ અને અસદ્ વૃત્તિઓ વચ્ચે રાઈ કેવો સંઘર્ષ અનુભવે છે?

**પ્રશ્નઃ–3 નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો.**

1. ઉપસર્ગ ધરાવતા પાંચ શબ્દો જણાવી અર્થ સમજાવો. **(02)**
2. નીચેના સમાસનો વિગ્રહ કરી અર્થ સમજાવો. **(02)**
   (1) નાતજાત (2) પૂરણપોળી
3. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપો. **(02)**
   (1) ઘર કરી જવું (2) મીઠી નજર પામવી
4. નીચેના વાકયોમાં રહેલા અલંકારો ઓળખી બતાવો. **(02)**
   1. અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા
   2. તે બાળકની હથેળી ગુલાબની પાંદડી જેવી કોમળ હતી.
5. નીચેના શબ્દોમાંથી પ્રત્યય ઓળખી બતાવો. **(02)**
   અદેશ્ય, અણગમો
6. નીચેના શબ્દોની સાચી જોડણી લખો. **(02)**
   નીષ્ઠૂર, શીકાર
7. નીચેના વાકયો કોણ બોલે છે તે જણાવો. **(02)**
   a. ચંચળ ! ચંચળ ! આ જો ને મારા દેવ કયાં ગયા?
      માનચતુર, ચંદ્રિકા, ધર્મલક્ષ્મી
   b. નાની વહુ ઘરમાં હરતી ફરતી હોય તો માટે આ વખત ન આવે.
      સુંદર, ચંદ્રિકા, ધર્મલક્ષ્મી

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ- 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી પદ્ય **(EGT-02)**
**તારીખ** : **28/06/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(2) દરેક પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1 નીચેના પૈકી કોઈપણ બે પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો. (27)**

1. 'ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર' કાવ્યનો આસ્વાદ કરો.
2. 'આપની યાદી' કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો.
3. 'અખિલ બ્રહ્માંડમાં' કાવ્યમાંથી પ્રગટ થતો અધ્યાત્મ ભાવ.
4. 'અતિજ્ઞાન' કાવ્યમાંથી પ્રગટ થતું ભાવ જગત.

**પ્રશ્નઃ–2 નીચેના પૈકી કોઈપણ ત્રણ પ્રશ્નોના જવાબ આપો. (21)**

1. જગતમાં 'મોટાં' કહેવાતા માણસોના બોલ વિશે અખાના વિચારો જણાવો.
2. કુંવરબાઈને પિતા શું આશ્વાસન આપે છે?
3. હરિના માર્ગને કવિ વીરનો માર્ગ શા માટે કહે છે?
4. કુસુંબીનો રંગ કવિ કયાં ચાખે છે? શા માટે?
5. કવિ કોની પાસે ચિનગારી માગે છે? એક જ ચિનગારી શા માટે માગે છે?
6. નદીનું હૈયું શા માટે સળગે છે?

**પ્રશ્નઃ–3 નીચેની પંકિતઓ સમજાવો. (ગમે તે બે) (12)**

1. ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા?
   ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા?
2. ઘણુંક ઘણુંક ભાગવું, ઘણ ઉઠાવ, મારી ભૂજા?
3. વા'લા મારા નિશદિન હવે થાય ઝંખા તમારી,
   આવો, આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્રહારી
4. શ્યામ રંગ સમીપે ન જાવું, માહરે આજ થકી.

**પ્રશ્નઃ–4 નીચેના પ્રશ્નોના જવાબ આપો.(ગમે તે પાંચ) (10)**

1. 'અતિજ્ઞાન' કવિતાના કવિ કોણ છે?
2. 'આપની યાદી' કવિતા કયા સ્વરૂપની કવિતા છે?
3. બલમુકુંદ દવેની કઈ કવિતા તમારા અભ્યાસક્રમમાં છે?
4. ઉદ્દગ્રીવ અને નભ આ બે શબ્દોના અર્થ આપો.
5. 'બળતાં પાણી' કવિતાના કવિ કોણ છે?
6. તત્પુરૂષ સમાસના બે ઉદાહરણો આપો.
7. નવરાત્રિનો સમૂહ કયા પ્રકારનો સમાસ છે?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ- 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી સાહિત્યની રૂપરેખા **(EGT-03)**

**તારીખ** : **27/06/2013**

**સમય** : **03.00 to 06.00**

**સૂચના** : (1) નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ આપો.

(2) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ગુજરાતી ભાષા અને તેની વિકાસ ભૂમિકાઓ વિશે વિગતે જણાવો. **(14)**

**પ્રશ્નઃ–2** શ્રી ઉમાશંકર જોશીએ અખાને 'હસતો કવિ' કહ્યો છે. **(14)**

**પ્રશ્નઃ–3** દયારામની દીર્ઘ કૃતિઓના નામ આપી અને 'રસિકવલ્લભ' વિશે વિગતે નોંધ લખો. **(14)**

**પ્રશ્નઃ–4** શામળનું પદ્યવાર્તાકાર તરીકે મૂલ્યાંકન કરો. **(14)**

**પ્રશ્નઃ–5** દલપતરામના જીવન અને કવનનો પરિચય કરાવો. **(14)**

**પ્રશ્નઃ–6** 'સરસ્વતીચંદ્ર'નું મહાનવલકથા તરીકે મૂલ્યાંકન કરો. **(14)**

**પ્રશ્નઃ–7** ગાંધીજીની ગુજરાતી સાહિત્ય પરની અસરો સદૃષ્ટાંત વર્ણવો. **(14)**

**પ્રશ્નઃ–8** ગાંધીયુગના પ્રમુખ નિબંધકારો વિશે વિગતે જણાવો. **(14)**

**પ્રશ્નઃ–9** અનુ ગાંધીયુગની પૂર્વભૂમિકા અને પ્રમુખ લાક્ષણિકતાઓ વિશે વિગતે જણાવો. **(14)**

**પ્રશ્નઃ–10** ગુજરાતી વિવેચન ક્ષેત્રે શ્રી સુરેશ જોષીનું પ્રદાન મૂલવો. **(14)**

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ- 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : ગુજરાતી સાહિત્યના સ્વરૂપો **(EGT-04)**
**તારીખ** : **01/07/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : (1) નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ આપો.
(2) દરેક પ્રશ્નોના ગુણ સરખા છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** આખ્યાન સાહિત્ય સ્વરૂપનાં આંતર–બાહ્ય લક્ષણો જણાવો. **(14)**

**પ્રશ્નઃ–2** ગુજરાતીમાં સોનેટનો ઉદ્દભવ અને વિકાસ જણાવો. **(14)**

**પ્રશ્નઃ–3** ગાંધીયુગના સોનેટકારો વિશે જણાવો. **(14)**

**પ્રશ્નઃ–4** 'છેલ્લુ દર્શન' સોનેટનો આસ્વાદ કરાવો. **(14)**

**પ્રશ્નઃ–5** સુન્દરમ્‌ના 'ગઈ ભલે' સોનેટનો રસાસ્વાદ કરાવો. **(14)**

**પ્રશ્નઃ–6** 'ધૂમકેતુ' અને 'દ્વિરેફ' ને વાર્તાકાર તરીકે મૂલવો. **(14)**

**પ્રશ્નઃ–7** વાર્તાકાર જયંત ખત્રીનો પરિચય કરાવી, 'લોહીનું ટીંપું' વાર્તાનો આસ્વાદ કરાવો. **(14)**

**પ્રશ્નઃ–8** **નીચેનામાંથી કોઈપણ બે વિશે નોંધ લખો.** **(14)**

(1) ટૂંકીવાર્તા અને એકાંકી

(2) ટૂંકીવાર્તા અને લઘુકથા

(3) 'જન્મોત્સવ' વાર્તાની સમીક્ષા

(4) વાર્તાકારઃ સરોજ પાઠક

**પ્રશ્નઃ–9** **ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(14)**

(1) કુંવરબાઈનું પાત્રાલેખન

(2) પન્નાલાલ પટેલ – વાર્તાકાર તરીકે

(3) 'આદિમતાની એક અનુભૂતિ' સોનેટનો રસાસ્વાદ

(4) 'માને ખોળે' વાર્તાની રસલક્ષી સમીક્ષા

**પ્રશ્નઃ–10** **નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો. (ગમે તે બે)** **(14)**

(1) વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી
માથે ધરું ધૂળ વસુન્ધરાની,

(2) હું આવું છું પાછો, બહુ દિન પછી, ઘેર વનમાં,
ઉતારી નાખું છું, વસન પુરાના, સભ્ય જનનાં

(3) 'મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદા થિયે'
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુન્દરી,

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ- 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : _______________

**પાઠયક્રમ** : ગુજરાતી ભાષા **(EGT-05)**
**તારીખ** : **01/07/2013**
**સમય** : **03.00 to 06.00**
**સૂચના** : દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** ધ્વનિ સંકેતોની યાદચ્છિક વ્યવસ્થા તરીકે ભાષાની કઈ કઈ વિશેષતાઓ છે તે જણાવો. **(14)**

**અથવા**

ભારતીય આર્યકુળની ભાષાઓનો પરિચય કરાવી ગુજરાતી ભાષાના ઉદ્દભવ અને વિકાસની ચર્ચા કરો.

**પ્રશ્નઃ–2** જુદા જુદા વાક્અવયવો વિશે જણાવી, ધ્વનિની સમજૂતિ આપો. **(14)**

**અથવા**

ગુજરાતી ભાષાની સ્વર વ્યવસ્થા વિશે સોદાહરણ જણાવો.

**પ્રશ્નઃ–3** ગુજરાતી ભાષાની વાકયરચના વિશે વિગતે જણાવો. **(14)**

**અથવા**

શબ્દ અને રૂપ વિશે જણાવી, ભાષામાં શબ્દનું ઘડતર કેવી રીતે થાય છે, તેની વાત કરો.

**પ્રશ્નઃ–4** સૌરાષ્ટ્રની બોલીની(કાઠીયાવાડી) લાક્ષણિકતાઓ જણાવો. **(14)**

**અથવા**

દક્ષિણ ગુજરાતની(સુરતી) બોલીની લાક્ષણિકતાઓ જણાવો.

**પ્રશ્નઃ–5** પંડિતયુગના ગદ્યની લાક્ષણિકતાઓ જણાવો. **(14)**

**અથવા**

‘આધુનિકતા’ એટલે શું? તે જણાવી આધુનિક યુગના ગદ્યની વિવિધ લાક્ષણિકતાઓ જણાવો.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# સત્રાંત પરીક્ષા જૂન/જુલાઈ- 2013

**અભ્યાસક્રમ** : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)**

નોંધણી નંબર : ________________

**પાઠયક્રમ** : સાહિત્ય સિદ્ધાંત અને ભાષા વિનિયોગ **(EGT-06)**
**તારીખ** : **02/07/2013**
**સમય** : **11.00 to 02.00**
**સૂચના** : દરેક પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે. **કુલ ગુણ : 70**

---

**પ્રશ્નઃ–1** સાહિત્યમાં અભિવ્યક્તિ અને પ્રત્યાયનનું મહત્વ સદૃષ્ટાંત સમજાવો. **(14)**

**અથવા**

શબ્દશક્તિ એટલે શું? તે સ્પષ્ટ કરી અભિધા, લક્ષણા અને વ્યંજના શબ્દશક્તિની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

**પ્રશ્નઃ–2** સાહિત્યમાં વિભાવ, અનુભાવ અને સંચારીભાવો કઈ રીતે કામ કરે છે તે ઉદાહરણ સાથે સમજાવો. **(14)**

**અથવા**

કુતંકનો વક્રોક્તિ વિચાર સ્પષ્ટ કરી વક્રોક્તિના પ્રકારો જણાવો.

**પ્રશ્નઃ–3** વિવેચનની વિવિધ પદ્ધતિઓનો પરિચય કરાવો. **(14)**

**અથવા**

ભરતના રસસૂત્રનો પરિચય કરાવો.

**પ્રશ્નઃ–4** અવલોકન એટલે શું? તે જણાવી પુસ્તક અવલોકન કરતી વખતે કઈ બાબતો લક્ષમાં રાખવી જોઈએ, તે ચર્ચા કરો. **(14)**

**અથવા**

સાહિત્યમાં પ્રતીક અને કલ્પન કઈ રીતે કામ કરે છે તે સદૃષ્ટાંત સમજાવો.

**પ્રશ્નઃ–5** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કમ્પ્યુટર ઓપરેટરની જગ્યા ભરવાની છે આ માટે તમે અરજી કરો. **(14)**

**અથવા**

સાહિત્યમાં સંક્ષેપીકરણ એટલે શું? તે સ્પષ્ટ કરી સંક્ષેપી કરણનું સ્વરૂપ સ્પષ્ટ કરો.